# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12.02.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

*****************************************************

1) ઔદ્યોગિક સંબંધો સંહિતા 2020 સંબંધિત સુધારા વિધેયક લોકસભામાં રજૂ કરવામાં આવ્યું

2) કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ – CBSE આ વર્ષથી ધોરણ 12 ની ઉત્તરવહીઓના મૂલ્યાંકન માટે ઓન-સ્ક્રીન માર્કિંગ લાગુ કરશે

3) રાષ્ટ્રીય ઉત્પાદકતા પરિષદ (NPC) દ્વારા આજથી રાષ્ટ્રીય ઉત્પાદકતા સપ્તાહનો આરંભ – વિવિધ રાજ્યોમાં સેમિનાર અને કાર્યશાળાનું આયોજન

4) સીબીઆઈ અને ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટરની બે દિવસીય રાષ્ટ્રીય પરિષદનું સમાપન થયું

5) બાંગ્લાદેશમાં આજે કડક સુરક્ષા વચ્ચે રાષ્ટ્રીય સંસદીય ચૂંટણી માટે મતદાનનો આરંભ થયો

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# LS- INDUSTIAL CODE BILL

ઔદ્યોગિક સંબંધ સંહિતા 2020 દ્વારા બદલવામાં આવેલા કેટલાક કાયદાઓને ચાલુ રાખવા અંગે ભવિષ્યમાં કોઈપણ બિનજરૂરી ગૂંચવણો ટાળવા માટે ગઈકાલે લોકસભામાં એક સુધારા બિલ રજૂ કરવામાં આવ્યું હતું.

શૂન્યકાળ દરમિયાન કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયા દ્વારા ઔદ્યોગિક સંબંધ સંહિતા (સુધારા) બિલ 2026 રજૂ કરવામાં આવ્યું હતું. બિલના ઉદ્દેશ્યો અને કારણોના નિવેદન અનુસાર ઔદ્યોગિક સંબંધ સંહિતા 2020, ટ્રેડ યુનિયનો અધિનિયમ 1926, ઔદ્યોગિક રોજગાર (સ્થાયી આદેશો) અધિનિયમ 1946, અને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ 1947, ને બદલે છે, જે ટ્રેડ યુનિયનો, ઔદ્યોગિક રોજગાર અને ઔદ્યોગિક વિવાદો સાથે વ્યવહાર કરે છે.

# PM- ROLLS-ROYCE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રોલ્સ-રોયસના મુખ્ય કાર્યકારી અધિકારી તુફાન એર્ગિનબિલગિક સાથે મુલાકાત કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે ભારત રોલ્સ-રોયસની ભારતમાં તેની કામગીરીનો વિસ્તાર કરવા અને દેશના નવીનતા અને ઊર્જાવાન યુવાનો સાથે ભાગીદારી કરવા માટે ઉત્સુકતાનું સ્વાગત કરે છે.

# CBSE – OSM

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ – CBSE આ વર્ષથી ધોરણ 12 ની ઉત્તરવહીઓના મૂલ્યાંકન માટે ઓન-સ્ક્રીન માર્કિંગ લાગુ કરશે. જોકે ધોરણ 10 ની ઉત્તરવહીઓનું મૂલ્યાંકન પહેલાની જેમ જ ભૌતિક રીતે ચાલુ રહેશે. CBSE પરીક્ષા નિયંત્રક સંયમ ભારદ્વાજે જણાવ્યું હતું કે બોર્ડે કાર્યક્ષમતા અને પારદર્શિતા વધારવા માટે આ વર્ષની પરીક્ષામાં ધોરણ 12 ની ઉત્તરવહીઓના મૂલ્યાંકન માટે ઓન-સ્ક્રીન માર્કિંગ રજૂ કરવાનો નિર્ણય લીધો છે. શ્રી ભારદ્વાજે જણાવ્યું હતું કે આ પગલાથી સંકલનમાં સુધારો થશે અને માનવીય હસ્તક્ષેપ ઓછો થશે, તેમજ સરવાળા અને બાદબાકીની ભૂલો દૂર થશે. CBSE ભારત અને 26 દેશોમાં દરવર્ષે ધોરણ 10 અને ધોરણ 12 ની બોર્ડ પરીક્ષાઓનું આયોજન કરે છે, જેનો લાભ આશરે 46 લાખ વિદ્યાર્થીઓને મળે છે.

# NIRMALA SITARAMAN

નાણામંત્રી નિર્મલા સીતારમણે ભારપૂર્વક જણાવ્યું કે, સરકાર દેશમાં મજબૂત માળખાગત સુવિધાઓ બનાવવા માટે મોટા પાયે પ્રોત્સાહન આપી રહી છે, જેમાં રોજગારની તકો ઉભી કરવા અને વિકાસને સરળ બનાવવા માટે શ્રમ-સઘન ક્ષેત્રો અને MSME પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.

નાણામંત્રી ગઈકાલે સાંજે લોકસભામાં કેન્દ્રીય બજેટ 2026-27 પર ચર્ચાનો જવાબ આપી રહ્યા હતા.

BYTE: NIRMALA-SITHARAMAN--YUVA-JOB

# NPC WEEK-COMMERCE MINISTRY

રાષ્ટ્રીય ઉત્પાદકતા પરિષદ (NPC) તેના 68મા સ્થાપના દિવસની ઉજવણી અંતર્ગત આજથી રાષ્ટ્રીય ઉત્પાદકતા સપ્તાહનો આરંભ કરશે. આ સપ્તાહ આ મહિનાની 18મી ફેબ્રુઆરી સુધી દેશભરમાં ઉજવવામાં આવશે.

આ વર્ષે સપ્તાહની વિષયવસ્તુ "વિકાસના એન્જિન તરીકે ક્લસ્ટર્સ: સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) માં ઉત્પાદકતામાં વધારો" છે. મંત્રાલયે જણાવ્યું હતું કે આ વિષયવસ્તુ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલના MSMEs ને મજબૂત બનાવવા, ઉત્પાદન સ્પર્ધાત્મકતા વધારવા અને ટકાઉ ઔદ્યોગિકીકરણને પ્રોત્સાહન આપવા પરના ભારને અનુરૂપ છે.

સપ્તાહ દરમિયાન બેંગલુરુ, ભુવનેશ્વર, ચંદીગઢ, ચેન્નાઈ, ગાંધીનગર, ગુવાહાટી અને હૈદરાબાદ સહિત દેશભરમાં અનેક કાર્યક્રમો, સેમિનાર અને વર્કશોપ યોજાશે. ચોવીસ સ્થાનિક ઉત્પાદકતા પરિષદો, ભારત સરકારના સંબંધિત મંત્રાલયો, રાજ્ય સરકારો, ઉદ્યોગ સંગઠનો અને શૈક્ષણિક સંસ્થાઓ સંયુક્ત રીતે જનજાગૃતિ અને આઉટરીચ કાર્યક્રમોનું આયોજન કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## CBI-CYBER CRIME CONFERENCE

**કેન્દ્રીય તપાસ સંસ્થા CBI અને ભારતીય સાયબર ક્રાઇમ કોઓર્ડિનેશન સેન્ટરે ગઈકાલે નવી દિલ્હીમાં સાયબર છેતરપિંડીનો સામનો કરવા અને તેના સહાયક મિકેનિઝમ્સને દૂર કરવા બે દિવસીય રાષ્ટ્રીય પરિષદ પૂર્ણ કરી. પરિષદમાં નિયમનકારી સુધારાઓ, કૃત્રિમ બુદ્ધિમત્તાનો ઉપયોગ અને સાયબર ગુનાનો સામનો કરવા માટે વૈશ્વિક સહયોગની ચર્ચા કરવામાં આવી હતી.**

**એક નિવેદનમાં CBI એ જણાવ્યું હતું કે સહભાગીઓએ સાયબર ગુલામીના ઉભરતા ખતરા, વિદેશમાં કાર્યરત છેતરપિંડી ગેંગમાં લોકોની ભરતી અને નિવારક પગલાં, આંતરરાષ્ટ્રીય સહયોગ અને પુનર્વસન પદ્ધતિઓની જરૂરિયાત પર ચર્ચા કરી હતી.**

છેતરપિંડીને સરળ બનાવવામાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ, મેસેજિંગ સેવાઓ અને ડિજિટલ મધ્યસ્થીઓની ભૂમિકા પર પણ ચર્ચા કરવામાં આવી અને ઝડપી ડેટા વિનિમયની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. સફળ સાયબર ક્રાઇમ તપાસમાંથી શ્રેષ્ઠ પ્રથાઓની વહેંચણી, તપાસ ક્ષમતાઓ અને વિવિધ એજન્સી સંકલનને સુધારવા માટે AI-સંચાલિત સાધનોના પ્રદર્શન સાથે પરિષદનું સમાપન થયું.

## TELANGANA - MUNICIPAL ELECTIONS

તેલંગાણામાં નગરપાલિકા અને મહાનગરપાલિકાઓની કેટલીક છૂટાછવાયા ઘટનાઓને બાદ કરતાં ચૂંટણીઓ શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ. ચૂંટણી અધિકારીના જણાવ્યા અનુસાર રાજ્યભરમાં કુલ 73.01 ટકા મતદાન નોંધાયું હતું, નગરપાલિકાઓમાં યાદદ્રી ભુવનગિરી જિલ્લાના ચૌટુપ્પલમાં સૌથી વધુ 91.91 ટકા મતદાન થયું હતું, જ્યારે નાલગોંડા જિલ્લાના નંદીકોડામાં સૌથી ઓછું 59.68 ટકા મતદાન થયું હતું.

મહાનગરપાલિકાઓમાં નાલગોંડામાં સૌથી વધુ 77.36 ટકા મતદાન થયું હતું, જ્યારે નિઝામાબાદમાં સૌથી ઓછું 59.12 ટકા મતદાન થયું હતું. મહિલા મતદાન 73.39 ટકા હતું, જ્યારે પુરુષ મતદાન 72.63 ટકા હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે મતગણતરી આ મહિનાની 13મી તારીખે થશે.

# BANGLADESH ELECTION

બાંગ્લાદેશમાં, આજે કડક સુરક્ષા વચ્ચે રાષ્ટ્રીય સંસદીય ચૂંટણી યોજાઈ રહી છે.

299 મતવિસ્તારોના 42 હજાર 779 કેન્દ્રો પર સાંજે 4:30 વાગ્યા સુધી મતદાન ચાલુ રહેશે. ઉમેદવારના મૃત્યુને કારણે શેરપુર-3માં મતદાન મુલતવી રાખવામાં આવ્યું છે.

ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, 12 કરોડ 77 લાખ મતદારો નોંધાયા છે. સંસદીય ચૂંટણીઓની સાથે, પ્રસ્તાવિત "જુલાઈ ચાર્ટર" હેઠળ મુખ્ય બંધારણીય અને સંસ્થાકીય સુધારાઓ માટે જાહેર મંજૂરી મેળવવા માટે લોકમત પણ લેવામાં આવશે.

# ICC MEN'S T20 WORLD CUP

ICC પુરુષ T20 ક્રિકેટ વિશ્વકપમાં ગઇકાલે વેસ્ટ ઇન્ડીઝે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે ઇંગ્લેન્ડને 30 રનથી હરાવ્યું. પહેલા બેટિંગ કરતા વેસ્ટ ઇન્ડીઝે શેરફેન રૂધરફોર્ડના અણનમ 76 રનની મદદથી 20 ઓવરમાં 6 વિકેટે 196 રન બનાવ્યા. જવાબમાં ઇંગ્લેન્ડ 19 ઓવરમાં 166 રનમાં ઓલઆઉટ થઈ ગયું. વેસ્ટ ઇન્ડીઝ માટે ગુડાકેશ મોતીએ ત્રણ વિકેટ લીધી.

આ દરમિયાન કોલંબોમાં ઓસ્ટ્રેલિયાએ આયર્લેન્ડને 67 રનથી હરાવ્યું. ઓસ્ટ્રેલિયાએ 20 ઓવરમાં 6 વિકેટે 182 રન બનાવ્યા. આયર્લેન્ડ 16.5 ઓવરમાં 115 રનમાં ઓલઆઉટ થઈ ગયું.

અન્ય મેચમાં દક્ષિણ આફ્રિકાએ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રોમાંચક ડબલ સુપર ઓવર મેચમાં અફઘાનિસ્તાનને હરાવ્યું. પહેલા બેટિંગ કરતા દક્ષિણ આફ્રિકાએ 20 ઓવરમાં 6 વિકેટે 187 રન બનાવ્યા. અફઘાનિસ્તાન 19.4 ઓવરમાં 187 રનમાં ઓલઆઉટ થઈ ગયું, જેના કારણે મેચ સુપર ઓવરમાં ફેરવાઈ ગઈ. પ્રથમ સુપર ઓવરમાં અફઘાનિસ્તાને 17 રન બનાવ્યા અને દક્ષિણ આફ્રિકાએ સ્કોર બરાબરી કરી. બીજી સુપર ઓવરમાં દક્ષિણ આફ્રિકાએ 23 રન બનાવ્યા, જ્યારે અફઘાનિસ્તાન ફક્ત 19 રન બનાવી શક્યું. બીજી સુપર ઓવરમાં દક્ષિણ આફ્રિકાએ ચાર રનથી મેચ જીતી લીધી.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિતલ પટેલ

- આજના મોટાભાગના અખબારોમાં રાષ્ટ્રીય ગીતની નવી માર્ગદર્શિકા અંગેના સમાચાર મુખ્ય શીર્ષકમાં વાંચવા મળી રહ્યાં છે.
- સંદેશનું મુખ્ય શીર્ષક છે – જન ગણ મન .. પહેલાં હવે વંદે માતરમ ગવાશે
- નવગુજરાત સમય લખે છે – નવી ગાઈડલાઇન: પહેલાં વંદે માતરમ પછી જન ગણ મન
- ગુજરાત સમાચારનું મુખ્ય શીર્ષક છે – અમેરીકામાં મંદીના ભણકારા રોજગાર વૃદ્ધિ 13 વર્ષના તળિયે
- આ ઉપરાંત કેનેડામાં શાળા, ઘરમાં ફાઇરિંગ:10ના મોત ,લોકસભામાં રાહુલ ગાંધીનું નિવેદન અને ટ્રેડ યુનિયનોની આજે દેશવ્યાપી હળતાળ સહિતના સમાચારવિવિધ અખબારોમાં પહેલાં પાને વાંચવા મળી રહ્યાં છે.